ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# સેકટરોમાં ભયજનક મકાનો તોડવાના મામલે પાયાવિહોણાં કારણો રજુ કરી મંજુરી આપવામાં વિલંબ

## ડિઝાઇન સર્કલ કક્ષાએથી અભિપ્રાય આપવામાં આવ્યા બાદ પણ જોખમી આવાસો તોડવાની દરખાસ્તો પેન્ડીંગ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી જોખમી મકાનોને તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. આમ તો પાંચ દાયકાના અંતે ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. જેના લીધે રહેણાંકની દ્રષ્ટિએ બિન ઉપયોગી આવાસો ખંડેર બન્યા છે. ત્યારે તંત્ર કક્ષાએથી આવાસો તોડવા માટે રજુ કરવામાં આવતી દરખાસ્તને પણ ઘણા કિસ્સામાં પાયા વિહોણા કારણો રજુ કરી મંજુરી આપવામાં આવતી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જોખમી આવાસો તોડવાના મામલે દરખાસ્ત પેન્ડીંગ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગર શહેરમાં પાંચ દાયકાના અંતે સેકટરોમાં સ્થિત આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે જોખમી આવાસો તોડવા માટે પણ તબક્કાવાર તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવે છે. જો કે આ પૈકી સેકટર મુજબ થતી દરખાસ્તો અન્વયે અમુક કિસ્સામાં દરખાસ્તોને મંજુરી ઝડપથી આપી

● અનુસંધાન પાન-૭ પર






# મહાનગરપાલિકા આયોજિત ભવ્ય તિરંગા યાત્રા દરમિયાન નાગરિકોમાં દેશ ભક્તિનો રંગ છવાયો

## કુડાસણ થી શરૂ થયેલી યાત્રામાં આશરે ૧૦ હજાર નાગરિકો જોડાયા : વિવિધ સાંસ્કૃતિક નૃત્યો અને વેશભૂષા પણ આકર્ષણનું કેન્દ્ર બની







ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ કલાકે કુડાસણ ખાતેના અર્બેનિયા મોલથી યાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મેયર હિતેષભાઈ મકવાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર જે.એન. વાઘેલા, ડે. મ્યુનિ. કમિશનર કેયૂર જેઠવા, ગાંધીનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ, ગાંધીનગર ભાજપના કાર્યકરો અને નગરસેવકોની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ તિરંગા યાત્રા અર્બેનિયા મોલથી રિલાયંસ ચાર રસ્તા, અપના અડ્ડા થઈને સરદાર ચોક સુધી યોજાઈ હતી જેમાં અંદાજે ૧૦ હજાર જેટલા નગરજનો, શાળાના વિદ્યાર્થીઓ, પોલિસના જવાનો, ડિફેન્સ એકેડમીના છાત્રો જોડાયા હતા આ ભવ્ય તિરંગા યાત્રાથી ગાંધીનગર તિરંગામય બનીને દેશભક્તિના રંગે રંગાયું હતું. આ તિરંગા યાત્રા નગરજનોમાં પણ દેશભક્તિના માહોલ વચ્ચે આકર્ષણ નું કેન્દ્ર બની હતી

આ ભવ્ય તિરંગા યાત્રામાં સિદી ધમાલ ડાંસ સહિતના સાંસ્કૃતિક નૃત્યોનું આયોજન યુવક અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ પોલિસના જવાનો અને વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બેન્ડ અને ક્રાંતિકારીઓની વેશભૂષાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીનું શહેર સંગઠન, યુવા સંગઠન, મહિલા મોર્ચો પણ ઉપસ્થિત રહ્યો હતો. મહાનગરપાલિકા દ્વારા તમામ સહભાગીઓ માટે પાણી તેમજ લિંબુ પાણીનું આયોજન કરવામા આવ્યું હતું.

## મેયરના જન્મ દિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

સ્વાતંત્ર પર્વ ની ઉજવણી અન્વયે મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે ૧૫મી ઓગસ્ટનાં રોજ ધ્વજવંદન નો કાર્યક્રમ યોજાશે આ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરાશે આ ઉપરાંત ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણાનાં જન્મદિવસની ઉજવણી નિમિત્તે વિવિધ સેવાકીય કામો કરવામાં આવશે. સે ૧૭ સ્થિત મહાનગરપાલિકા ના સંકુલમાં ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. જેનો સર્વે અધિકારીશ્રીઓ/કર્મચારીઓ પત્રકાર મિત્રો તેમજ નગરજનોએ લાભ લેવા પણ જણાવાયુ છે

# ડેન્ગયુ અને મેલેરીયાના મચ્છરોને ડામવા જનજાગૃતિ માટે સેકટરોમાં રીક્ષા ફરતી થઈ

## સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનોને ડામવા માટે નગરજનોને જાગૃત થવા સતત અપીલ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં બદલાતા મોસમની અસર વચ્ચે વાયરલ બિમારીનુ પ્રમાણ પણ વધ્યુ છે. ત્યારે વરસાદી સિઝનની સાથે મચ્છર ઉત્પત્તિ સ્થાનો અસ્તિત્વમાં આવતા ડેન્ગ્યુ અને મેલેરીયાના રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. વરસાદી દિવસોમાં પાણીના ભરાવાના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જયારે મચ્છરોને ડામવા માટે આરોગ્ય તંત્રની ટીમે સ્થળ તપાસ હાથ ધરી દંડ વસુલી સહીતના પગલા હાથ ધર્યા છે તો બીજીતરફ સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ મચ્છરોનો ઉપદ્રવ ડામવા માટે જનજાગૃતિ કેળવાય તેવા આશયથી લાઉડ સ્પીકર રીક્ષા ફરતી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં અનેકવિધ



દુવિધાઓના ઢગ મંડરાયા છે. સેકટરોના આંતરિક વિસ્તાર અને શહેરના જાહેર સ્થળો પર ગંદકી તેમજ રખડતા ઢોરની સમસ્યા યથાવત છે. ત્યારે વરસાદી દિવસોમાં કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી પાણીનો પણ ભરાવો થતા હાલની સ્થિતિએ ઠેર ઠેર મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધી ગયા છે. આ સ્થિતિ વચ્ચે ડેન્ગ્યુ અને મેલેરીયાના રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ત્યારે રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટરોમાં તેમજ આસપાસના વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે સ્થળ તપાસ હાથ ધરવા ઝંબેશ હાથ ધરી છે. આ દરમિયાન અત્યાર સુધી બે કન્સ્ટ્રકશન સાઈટને રૂ ૨૫ હજાર તેમજ અન્ય એકનો રૂ ૧૦ હજારનો દંડ પણ ફટકારવામાં

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com